PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૫/કવા–૦૪/૧૬–૧૭/ ૩૮૭૪ તા. ૦૬/૦૪/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હુશેનભાઈ આહમદભાઈ ભાભા,
C/O, ભાભા એન્ડ સન્સ, સહયોગ ચેમ્બર્સ,
જે.ડી.સી.સી. બેંક બીલ્ડીંગ,
દુકાન નં.–૬,કોર્ટ સામે,
સેક્રેટરીએટ રોડ,
તા. માંગરોળ,
જી. જુનાગઢ
મો: ૯૮૨૪૨ ૬૨૩૨૨

વિષય :–મેન્ટેનન્સ બાબત– રીવ્યુ અરજી
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૭–૦૩–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૫/કવા–૦૪/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોંકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૫.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No. 04/6
04/6

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૫/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૫–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: હુશેનભાઈ આહમદભાઈ ભાભા, ગામ: જુનાગઢ

રજુઆત કરનાર: અરજદાર શ્રી હુશેનભાઈ આહમદભાઈ ભાભા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ)

રજુઆત કરનાર :એચ.એન.શાહ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ,માંગરોલ)

## : રીવ્યુ અરજી : : હુકમ :

**ફરીયાદ : મેન્ટેનન્સ બાબત– રીવ્યુ અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ની અગાઉ ની તા.૩૦–૦૧–૧૭ ના રોજ ની અરજી ના અનુસંધાને, ફોરમ તરફથી તા.૨૮–૦૨–૧૭ ના રોજની પોરબંદર ખાતે ની મીટીગ મા, તેઓ શ્રી ની ગેરહાજરી મા હીઅરીગ કરેલ છે. જેથી, તેઓ શ્રી નો સદર ફરીયાદ કેઈસ ફરી એક વખત ન્યાયિક રીતે મુલવવો જરૂરી હોય, અરજદાર શ્રી એ નીચે ના મુદદાસર રીવ્યુ અરજી કરેલ છે. |
| ૧.૨ | તેઓ શ્રી ના લીલા –નાળીયેરી ના વૃક્ષો ને નડતા વીજલાઈન નાં તાર થી ઘણા પક્ષીઓના મૃત્યુ થયેલ છે. અને સતત અકસ્માત નો ભય રહેતો હોય, પીજીવીસીએલ ની સબંધક તમામ કચેરીઓ ને આ મુજબ ની, વારંવાર અગાઉ મૌખીક / ટેલીફોનીક / રૂબરૂ મુલાકાત / લેખીત અરજીઓ મારફત, જાણકારી આપવામા આવેલ હોવા છતા, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, અસહય વિલંબીત ગાળા પછી, તેમના બગીચાના – વીજતાર ને નડતા વૃક્ષો નુ કટીગ – જે ૦૫ માસ પછી જ – ટ્રી કટીગ ની જાણકારી હાથ ધરાયેલ હોવાની જાણકારી, તેઓને પીજીવીસીએલ તરફથી અપાયેલ છે. પીજીવીસીએલ ની આવી બેદરકારી થી તેઓ શ્રી ને અસહય વેદના થયેલ છે. |
| ૧.૩ | તેઓ શ્રી ને, ઉપરોક્ત મુદદા નં. ૧.૨ ની બાબત ને સમર્થન આપતા, દસ્તાવેજીક પેપર્સ, જે આર.ટી.આઈ. મારફત પીજીવીસીએલ પાસેથી મેળવીને, મીટીગ મા હાજર રહેવાની, તેઓ શ્રી એ ફોરમ ને જાણકારી આપેલ હોવા છતા, સદર દસ્તાવેજીક પેપર્સ મળ્યા વગર, તેઓ શ્રી હાજર રહી શકે તેમ ન હોવા છતા, ફોરમ કમિટી તરફથી, તા.૨૮–૦૨–૧૭ ની મીટીગ મા, તેમની ગેરહાજરી મા તેમનો કેઈસ નિર્ણીત કરેલ છે, તે બાબત, અરજદાર શ્રી ને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી જણાયેલ નથી. |
| ૧.૪ | તેઓ શ્રી ના ઉપરોક્ત મુદદા નં. ૧.૩ મા નિર્ણીત કરેલ કેઈસ મા, તેઓ શ્રી ના સદર વિસ્તાર ની વીજલાઈન ખસેડવા સબબ ના ખર્ચ ની રકમ રૂ.૯૦,૬૨૦/– નુ અંદાજપત્ર પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને આપવાની બાબત વર્ણવેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ને આવુ અંદાજપત્ર અપાયેલ નથી. પરંતુ, આ માટે પીજીવીસીએલ તરફથી તેઓને લેખીત પત્ર પાઠવી અને લેખીત સંમતી માંગવામા આવેલ છે. આ બાબત, વિસંગતતા યુકત છે. |
| ૧.૫ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૧.૧,૧.૨,૧.૩ અને ૧.૪ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ફોરમ કમિટી ને ખાસ જણાવે છે કે, વર્ષ–૨૦૧૪–૧૫ મા, સદર વિસ્તાર ની વીજલાઈન, જે એબી કેબલ હેઠળ પરીવર્તીત થયેલ હોવાની કામગીરી હાથ ધરાયેલ છે. તેઓ શ્રી નો પ્રશ્ન તીવ્ર કક્ષાનો હોવા છતા, તેઓ શ્રી ની સદર ફરીયાદ ઘણી જ જુની હોવા છતા, સાગર ખેડુત યોજના હેઠળ અગ્રીમતા ના ધોરણે, અગાઉ આવરી લેવાયેલ નથી. અને હાલ ના તબ્બકે, વર્ષ–૨૦૧૭–૧૮ ના બજેટ મા આવરી લેવાયેલ છે. આ બાબતે, પીજીવીસીએલ તરફથી, '' તીવ્રતા વાળા વિસ્તાર ની અગ્રીમતા હેઠળ – આગવી કોઈ કાર્યવાહી અગાઉ ના સમયગાળા મા થયેલ ન હોય – દીર્ઘકાલીન સમય સુધી ફરીયાદ ને અનદેખી રખાયેલ હોય – હવે મોડે થી પણ કામગીરી શરૂ થનાર હોય, અને કામગીરી હાથ ધરી પૂર્ણ કરવાનુ કોઈ આયોજન ન હોય '' આવા અન્યાય પૂર્ણ ધોરણ ના કારણોસર, અરજદાર શ્રી એ અરજદારે અત્રેના ફોરમ સમક્ષ સદર રીવ્યુ અરજી કરી અને ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની, અગાઉ ના નિર્ણીત કરાયેલ એવા, ફોરમ ના હુકમ ની સામે ની, સવાલવાળી રીવ્યુ અરજી ના કેઈસ મા, નીચેના મુદદાઓ મુજબ ની વિગતે સ્પષ્ટતાઓ આપવામા આવે છે. |
| ૨.૨ | ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ અરજી મા વર્ણવ્યા મુજબ નુ સ્થળ, એટલેકે '' લીલા –નાળીયેરી ના વૃક્ષો ના બગીચા '' વાળુ સ્થળ, જે હાલ ના તબ્બકે, '' ૧૧ કેવી વિરપુર જે.જી.વાય ફીડર '' ના નેટવર્ક હેઠળ – એટલેકે, '' મુખ્ય ફીડર પર નહી – પરંતુ, મુખ્ય ફીડર થી અંદરના અંતરે ની ટેપીગ કરાયેલ એવી ૧૧ કેવી વીજલાઈન '' વાળુ સ્થળ છે. સદર હૈયાત એવી ૧૧ કેવી વીજલાઈન નીચેની, ફરીયાદી અરજદાર શ્રી ની જમીન પર, ફરીયાદી અરજદાર શ્રી એ '' નાળીયેરી ના વૃક્ષો નુ '' વાવેતર કરેલ હોય, આ વૃક્ષો ની ઉચાઈ અને પહોળાઈ, જે સમયાંતરે વધતા, સદર ૧૧ કેવી વીજલાઈન ના ખુલ્લાતાર ને અડકી / ક્રોસ કરી ગયેલ હોવાના કારણોસર, સંભવિત વીજ અકસ્માત સામે, તકેદારી ના પગલારૂપ, અરજદાર શ્રી એ, અગાઉ વારંવાર પીજીવીસીએલ ની સબંધક એવી તમામ કચેરીઓમા, લેખીત તેમજ મૌખીક રજુઆતો આપેલ હતી. તદ ઉપરાંત, અગાઉ ની ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી રજુ કરેલ હતી.જે મુજબ, ફોરમ કમિટી તરફથી હુકમ નં. : પીજીવીસીએલ/ સીજીઆરએફ/૩૬/કવા–૦૪/૧૬–૧૭/૧૭૨૬, તા.૦૨–૦૩–૧૭ મુજબ, અરજદાર શ્રી ની સદર ફરીયાદ હુકમીત થયેલ છે. |
| ૨.૩ | તેમ છતા, સદર અગાઉ ની / હાલ ના તબ્બકે ની ફરીયાદ અરજી ના અનુસંધાને, અત્રેના ફોરમ તરફથી, ફરી એક વખત નીચેના મુદદાઓ મુજબ ની સ્પષ્ટતાઓ આપવામા આવે છે. |
| ૨.૪ | ઉપરોકત મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે અગાઉ, અને હાલ મા, '' અરજદાર શ્રી ની જમીન પર ના – હૈયાત વીજલાઈન ની નીચે વાવેતર કરાયેલ એવા, લીલા –નાળીયેરી ના વૃક્ષો મા આવેલ ખુલ્લા વીજતાર – જે સંભવિત વીજ અકસ્માત મુજબ ના હોવા ની ફરીયાદી ની અરજી ના અનુસંધાને પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી '' જરૂરી એવુ સમારકામ – જે નડતરરૂપ હોય તેવા નાળીયેરી ના પાંદડાઓ દુર કરી અને કરાયેલ છે. |
| ૨.૫ | અરજદાર શ્રી ની મુખ્ય માંગણી, જે '' સદર હૈયાત એવી ૧૧ કેવી વીજલાઈન ના ખુલ્લા તાર ને બદલે એબી કેબલ '' હેઠળ પરીવર્તીત કરવાની બાબત મુખ્ય છે. પરંતુ, સદર સ્થળ, જે '' ૧૧ કેવી વિરપુર જે.જી.વાય ફીડર '' ના નેટવર્ક હેઠળ – એટલેકે – '' મુખ્ય ફીડર પર નહી – પરંતુ, મુખ્ય ફીડર થી અંદરના અંતરે ની ટેપીગ કરાયેલ એવી ૧૧ કેવી વીજલાઈન '' વાળુ સ્થળ છે. પીજીવીસીએલ મા, ''આ મુજબ ના ૧૧ કેવી વીજલાઈન ના ખુલ્લા તાર – જે મુખ્ય ફીડર લાઈન પર ના તાર હોય, અને મેઈન લાઈન મા આવરી લેવાયેલ હોય તેવા ગામો ના ઘરવપરાશ / વાણીજય / ઔદ્યોગીક / વોટર વર્કસ / સ્ટ્રીટ લાઈટ તેમજ અત્યંત આવશ્યક એવા – ખાસ કરીને વિશાળ જન સંખ્યા / ગ્રાહકો ના હિત ને આનુષાંગીક રહીને, આ મુજબ ની ફીડર ની મુખ્ય લાઈન ના ખુલ્લા એવા તાર'' – જે, સમયાંતરે જેતે સમયે પ્રવર્તમાન એવી યોજના હેઠળ / અથવા તો અત્યંત આવશ્યક સમયે, ખાસ તાકીદ ની કામગીરી હેઠળ આવરી લઈ અને – આ ફીડર ની મુખ્ય લાઈન હેઠળ ના વિશાળ નાગરીકો / વીજ ગ્રાહકો ના હિતાર્થે – આવી મુખ્ય લાઈન ના ખુલ્લા તાર ને બદલાવીને, એબી કેબલ હેઠળ પરીવર્તીત કરવાની કામગીરી પીજીવીસીએલ તરફથી હાથ ધરવામા આવતી હોય છે. સદર કામગીરી ના ભાગરૂપ, હાલ ના તબ્બકે, સદર ૧૧ કેવી વિરપુર જે.જી.વાય ફીડર ની કુલ મુખ્ય લાઈન માહે ની, ૦૩ કીમી ની વીજલાઈન ની ખુલ્લા તાર ને, આજદિન સુધી મા બદલાવી અને એબી કેબલ હેઠળ પરીવર્તીત કરાયેલ છે. |
| ૨.૬ | પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ ની વીજલાઈન '' જે મુખ્ય લાઈન નથી – પરંતુ, ટેપ લાઈન ( પેટા લાઈન), જે અરજદાર શ્રી એક માત્ર ના ખેતર માથી પસાર થાય છે'' તે ટેપ લાઈન ( પેટા લાઈન) ના ખુલ્લાતાર ને એબી કેબલ હેઠળ પરીવર્તીત કરવાની કામગીરી, જે વિશાળ ગ્રાહકો ના હિતો ને સુસંગત નથી, પરંતુ, અરજદાર શ્રી માત્ર ને વ્યકિતગત સ્પર્શે છે. સદર હૈયાત વીજલાઈન ના તાર નીચે, અરજદાર શ્રી એ લીલા –નાળીયેરી ના વૃક્ષો ની વાવેતર કરેલ છે. આ બાબત,ખુદ ફરીયાદી અરજદાર શ્રી એ જ ઉપસ્થિત કરેલ છે. અને ભવિષ્ય મા જે વીજ અકસ્માત માટે સંભવિત છે. તે બાબત, વીજ અધિનીયમન ૨૦૦૩ ની કલમ નં. ૬૮(૫) મા કરાયેલ જોગવાઈ ની વિરૂધ્ધ હોય, ફરીયાદી અરજદાર શ્રી ને, સદર વીજલાઈન નીચે વાવેતર કરાયેલ વૃક્ષો દુર કરવા સ્વમેળે જ / અરજદાર શ્રી ની અંગત કક્ષાએથી જ દુર કરવા બાબતે ની, વીજ અધિનીયમન અન્વયે ની નોટીસ પણ, જે સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને પત્ર ક્રમાંક : ૨૬૯૪ તા.૦૪–૦૫–૨૦૧૭ થી અપાયેલ છે. |

| | |
|---|---|
| **૨.૭** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૬ મા મુજબ ની વિગતે ના, ફરીયાદી અરજદાર શ્રી એવાવેતર કરાયેલ એવા વૃક્ષો, જે હૈયાત ૧૧ કેવી વીજલાઈન ના ખુલ્લા તાર ને નડતરરૂપ હોય, અરજદાર શ્રી એ જ સદર નડતરરૂપ વૃક્ષો દુર કરવાની બાબત, અરજદાર શ્રી માટે નિયમાધીન આવશ્યક હોવા છતા, ફરીયાદી અરજદાર શ્રી એ, સદર વૃક્ષો સ્વખર્ચે દુર ન કરતા, વીજકંપની કક્ષાએથી જ, સલામતી ના ભાગરૂપ, સદર ૧૧ કેવી વીજલાઈન ના ખુલ્લા તાર ને બદલે, એબી કેબલ લગાડવાો આગ્રહ, જે અગાઉ પીજીવીસીએલ ની સબંધક કચેરીઓ પાસે અને હાલ ફોરમ કમિટી ની સવાલવાળી રીવ્યુ અરજી મા રાખેલ છે. |
| **૨.૮** | પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી નો, ઉપરોક્ત મુદદા નં. ૨.૮ મુજબ ની વિગતે નો આગ્રહ, જે પ્રવર્તમાન વીજ અધિનીયમન ૨૦૦૩ ની કલમ ૬૮(૫), તેમજ સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટી એકટ ના રેગ્યુલેશન –૨૦૧૦ ની કલમ ૬૦ અને ૬૧ ને આનુષાંગીક બાબતો અન્વયે ની, કલમ નં. ૬૩(૨)(૩) અને ૬૪(૩) મા કરાયેલ જોગવાઈ ની વિરૂધ્ધ છે. જયારે, સદર ખુલ્લા વીજતાર '' જે અરજદાર શ્રી તરફથી, સદર ખુલ્લા વીજતાર નીચે જ અગાઉ વાવેતર કરાયેલ એવા લીલા –નાળીયેરી ના વૃક્ષ ના કારણોસર ની, અરજદાર શ્રી ની અંગત પણા ની કામગીરી ના કારણોસર જ, હવે અરજદાર શ્રી ને જ અંગત રીતે નડતરરૂપ હોય – જેથી, સદર વીજતાર અરજદાર શ્રી એ જ, સ્વખર્ચે બદલાવવાની બાબત – જે સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટી એકટ ના રેગ્યુલેશન –૨૦૧૦ ની કલમ નં. ૬૪(૩) મા કરાયેલ જોગવાઈ – ને આનુષાંગીક છે. જેથી, વીજકંપની મા પ્રવર્તમાન રહેલ એવી સદર નિયમાધીન બાબત ને આનુષાંગીક રહીને– પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી , અરજદાર શ્રી ને હાલ ના તબ્બકે '' નડતરરૂપ એવી સદર ખુલ્લા વીજતાર વાળી ૧૮૦ મીટર ની લંબાઈ વાળી વીજલાઈન મા – ગ્રાહક શ્રી ના સ્વખર્ચે કેબલ લગાડવા બાબત સબંધક '' એવા ખર્ચ સબબ ની કુલ રકમ રૂ.૯૮,૧૪૭/– નુ, ભાવપત્રક – જે પત્ર ક્રમાંક ૨૧૭૫ તા.૧૭–૦૪–૧૭ થી અપાયેલ છે. તે બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી તરફથી સદર ભાવપત્રક ની રકમ, તા.૧૫–૦૫–૧૭ પહેલા, પીજીવીસીએલ મા ભરપાઈ થયા બાદ જ, તેઓ શ્રી ની ફરીયાદ વાળી સદર ખુલ્લા વીજતાર ની, વીજલાઈન મા કેબલ લગાડવાની કામગીરી, ભાવપત્રક ની રકમ ભરપાઈ થયા પછીના કુલ ૩૦ દિવસો મા, જે પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર શ્રી ની, હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ સંપન્ન કરી, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. આ બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની, ફોરમ સમક્ષ ની સવાલવાળી, રીવ્યુ ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી એ, ખુદે જ, તેઓ શ્રી ના સવાલવાળી જમીન પર, કે જે જમીન પર, હૈયાત ૧૧ કેવી વિરપુર જયોતીગ્રામ ફીડર ની,૧૮૦ મીટર ની લંબાઈવાળી, ખુલ્લાતાર વાળી પેટાલાઈન ( ટેપ લાઈન), પસાર થાય છે, તે ખુલ્લાતાર વાળી વીજલાઈન નીચે જ, ફરીયાદી અરજદાર શ્રી એ નાળીયેરી ના વૃક્ષો નુ વાવેતર અગાઉ કરેલ હોય, હાલ ના તબ્બકે, સદર વૃક્ષો ની ઉંચાઈ અને પહોળાઈ વધતા, સદર વૃક્ષો ની ડાળીઓ ખુલ્લાતાર ને ક્રોસ કરી ગયેલ છે. જેથી, વીજ અકસ્માત ની સંભાવના ટાળવા માટે, અગાઉ ફરીયાદી અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની તમામ કચેરીઓ તેમજ ફોરમ કમિટી સમક્ષ ફરીયાદ નોંધાવેલ હતી. આ ફરીયાદ અરજીઓ મા, ફરીયાદી અરજદાર શ્રી એ, '' સદર ૧૧ કેવી વીજલાઈન ના ખુલ્લાતાર '' જે – માત્ર અને માત્ર પીજીવીસીએલ કક્ષાએથી જ બદલાવી, અને પીજીવીસીએલ ના ખર્ચે જ, ખુલ્લાતાર ને બદલે કેબલ લગાડવાનો આગ્રહ રાખેલ છે. અથવા તો, સદર ૧૧ કેવી વિરપુર જયોતીગ્રામ ફીડર ની, તેઓ શ્રી ના ખેતર પર થી પસાર થતી, સદર ખુલ્લાતાર વાળી પેટાલાઈન ને, પીજીવીસીએલ મા સમયાંતરે પ્રવર્તમાન એવી યોજના હેઠળ આવરી લઈ અને, તે અન્વયે ખુલ્લાતાર ને બદલે કેબલ લગાડવાનો આગ્રહ રાખેલ છે. |

| | |
|---|---|
| **૩.૨** | પરંતુ, હાલ મા હૈયાત રહેલ એવી પીજીવીસીએલ ની, સદર ખુલ્લાતાર વાળી વીજલાઈન નીચેના વૃક્ષો નુ વાવેતર, જે અગાઉ ના સમયગાળા મા ખુદ અરજદાર શ્રી એ જ કરેલ છે. ફરીયાદી અરજદાર શ્રી ની, વીજલાઈન નીચેના વૃક્ષો નુ વાવેતર કરવાની આ કામગીરી, જે પ્રવર્તમાન વીજ અધિનીયમન ૨૦૦૩ ની કલમ ૬૮(૫), તેમજ સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટી એકટ ના રેગ્યુલેશન –૨૦૧૦ ની કલમ ૬૦ અને ૬૧ ને આનુષાંગીક બાબતો અન્વયે ની, કલમ નં. ૬૩(૨)(૩) અને ૬૪(૩) મા કરાયેલ જોગવાઈ ની વિરૂધ્ધ હોવાના કારણોસર, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને, વીજ અધિનીયમન અન્વયે ની નોટીસ પણ, જે સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી ને, હાલ ના તબ્બકે, જે પત્ર ક્રમાંક : ૨૬૯૪ તા.૦૪–૦૫–૨૦૧૭ થી અપાયેલ છે, પીજીવીસીએલ ની આ કાર્યવાહી, જે વીજ અધિનીયમન અને સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટી એકટ ના રેગ્યુલેશન ને આનુષાંગીક હોવાનુ જ, ફોરમ કમિટી દ્રારા યોગ્ય ઠેરવામા આવે છે. |
| **૩.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં.૩.૧ અને ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થળ પર ની હૈયાત એવી૧૮૦ મીટર ની ખુલ્લાતાર વાળી, સદર ૧૧ કેવી વિરપુર જયોતીગ્રામ ફીડર ની, સદર પેટાલાઈન ( ટેપ લાઈન)– વીજલાઈન નીચે જ, ફરીયાદી અરજદાર શ્રી એ નાળીયેરી ના વૃક્ષો નુ વાવેતર અગાઉ કરેલ હોવા છતા, તેમજ આ ખુલ્લાતાર ની વીજલાઈન નીચે જ વૃક્ષો નુ વાવેતર કરવાની અગાઉ ની આ કામગીરી, જે અરજદાર શ્રી ની ખુદ ની અંગત બાબત હોવા છતા, અરજદાર શ્રી એ, સદર સવાલવાળી, ખુલ્લાતાર વાળી પેટાલાઈન ( ટેપ લાઈન)– વીજલાઈન ને, અરજદાર શ્રી એ તેઓ શ્રી ના અંગત પણા ના ખર્ચ હેઠળ, ખુલ્લાતાર ને બદલે કેબલ લગાડવાની બાબત અરજદાર શ્રી એ માન્ય ન રાખીને, સદર ખુલ્લાતાર વાળી પેટાલાઈન, જે માત્ર વીજકંપની ના ખર્ચે કેબલ લગાડવાની બાબત નો, જે અરજદાર શ્રી એ – અગાઉ પીજીવીસીએલ ની સબંધક કચેરીઓ અને ફોરમ કમિટી, તેમજ હાલ ના તબ્બકા ની ફોરમ સમક્ષ ની રીવ્યુ અરજી મા– ખાસ આગ્રહ રાખી અને વિનંતી અન્વયે ની સવાલવાળી રીવ્યુ અરજી ફોરમ કમિટી સમક્ષ કરેલ છે. પરંતુ, ફોરમ કમિટી તરફથી, અરજદાર શ્રી ની સદર માંગણી / વિનંતી , જે વીજ અધિનીયમન અને સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટી એકટ ના રેગ્યુલેશન ના કરાયેલ જોગવાઈ ને આનુષાંગીક ન હોવાના કારણોસર, ફોરમ કક્ષાએથી – સદર માંગણી ગ્રાહય ન રાખવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૪** | તદ ઉપરાંત, ફરીયાદી અરજદાર શ્રી તરફથી, ફોરમ કમિટી સમક્ષ ની સવાલવાળી અગાઉ ની તેમજ હાલ ની અરજી મા, તેઓ શ્રી ના સ્થળ પર આવેલ સવાલવાળી, સદર ૧૧ કેવી વિરપુર જયોતીગ્રામ ફીડર ને, '' ખુલ્લાતાર ને બદલે કેબલ હેઠળ પરીવર્તીત કરવા '' ની, જે માંગણી કરેલ છે. તે માંગણી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી કરાયેલ સ્પષ્ટતાઓ, એટલેકે સરકાર શ્રી પ્રારીત એવી વીજકંપની મા પ્રવર્તમાન એવી યોજના અંતર્ગત ની, જે સદર વિરપુર જે.જી.વાય ફીડર ની મુખ્ય લાઈન ના ખુલ્લાતાર ને બદલે એબી કેબલ મા પરીવર્તીત કરવાની, પીજીવીસીએલ કક્ષાએથી હાલ ના તબ્બકે, જે કાર્યવાહી હાથ ધરાયેલ છે, અને આ કાર્યવાહી અંતર્ગત સદર ફીડર ની કુલ લંબાઈ માહેની ૦૩ કીમી ના અંતર ની, ખુલ્લાતાર ને બદલે એબી કેબલ લગાડવાની જે કાર્યવાહી સંપન્ન થયેલ છે, પીજીવીસીએલ કક્ષાની તે કાર્યવાહી, જે સદર ફીડર ની, માત્ર મુખ્ય લાઈન – કે જે મુખ્ય લાઈન પર, વિશેષતમ ગામો ના નાગરીકો ના જોડાણો નો વીજપુરવઠો આપવામા આવે છે, તે વિશાળ નાગરીકો / ગ્રાહકો ના જોડાણો ના સામુહિક હિતને આધીન રહીને જ કરાયેલ છે. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી વીજલાઈન, જે '' સદર ફીડર ની મુખ્ય વીજલાઈન નથી, પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થળ પર ની હૈયાત એવી એક પેટાલાઈન ( ટેપ લાઈન)– છે, આ પેટાલાઈન મા વિશાળ નાગરીકો / ગ્રાહકો નો સમાવેશ થતો નથી, પરંતુ માત્ર અરજદાર શ્રી અથવા તો અત્યંત જુજ કક્ષાના વીજ ગ્રાહકો નો જ માત્ર સમાવેશ થાય છે." આવા કારણોસર, અરજદાર શ્રી ની સવાલવાળી પેટાલાઈન ( ટેપ લાઈન)–ને '' ચોકકસ યોજના અંતર્ગત ખુલ્લાતાર ને બદલે કેબલ હેઠળ પરીવર્તીત કરવા '' બાબતે ની કાર્યવાહી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી આવરી લઈ શકાય નહી.જેથી, અરજદાર શ્રી ની આ મુજબ ની માંગણી પણ, પીજીવીસીએલ ની પ્રવર્તમાન નિયમાધીન કાર્યવાહી અંતર્ગત ની ન હોય, અત્રેના ફોરમ તરફથી ગ્રાહય રખાયેલ નથી. |

| | |
|---|---|
| **3.5** | આમ, ઉપરોક્ત મુદ્દા નં.૩.૩ અને ૩.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, સદર સવાલવાળી ખુલ્લાતાર વાળી૧૮૦ મીટર ની વીજલાઈન હેઠળ ના વાવેતર કરાયેલ વૃક્ષો, જે અગાઉ અરજદાર શ્રી એ જ, તેઓ શ્રી ના સદર સ્થળ પર હૈયાત રહેલ એવી વીજકંપની ની, ખુલ્લાતાર વાળી વીજલાઈન નીચે વાવેતર કરવાની કામગીરી કરેલ હોય, અને આ કામગીરી થકી હાલ, લીલા –નાળીયેરી ના વૃક્ષો સદર વીજતાર નડતરરૂપ હોય અને વીજ અકસ્માત ની સંભાવના હોય, આવા કારણોસર,અરજદાર શ્રી એ જ, તેઓ શ્રી ની અંગત પણા ની કાર્યવાહી હેઠળ સદર નડતરરૂપ વૃક્ષો ને દુર કરવાની બાબત, અરજદાર શ્રી માટે જરૂરી છે. તેમજ, આ વૃક્ષો ને નડતરરૂપ એવા ખુલ્લી વીજલાઈન ના તાર ને, પીજીવીસીએલ કક્ષાએથી, ખુલ્લાતાર ને કેબલ મા પરીવર્તીત કરવા બાબતે નો થતો ખર્ચ પણ, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત, અરજદાર શ્રી માટે જરૂરી છે. જે, અન્વયે, હાલ મા પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર શ્રી એ અપાયેલ એવુ, '' નડતરરૂપ એવી સદર ખુલ્લા વીજતાર વાળી ૧૮૦ મીટર ની લંબાઈ વાળી વીજલાઈન ને કેબલ મા પરીવર્તીત કરવા સબબ ના ખર્ચની, કુલ રકમ રૂ.૯૮,૧૪૭/– નુ, પીજીવીસીએલ દ્વારા જે ભાવપત્રક – જે પત્ર ક્રમાંક ૨૧૭૫ તા.૧૭–૦૪–૧૭ થી અપાયેલ છે, તે બાબત, જે જે પ્રવર્તમાન વીજ અધિનીયમન ૨૦૦૩ ની કલમ ૬૮(૫) તથા સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટી એકટ ના રેગ્યુલેશન –૨૦૧૦ ની કલમ નં. ૬૩(૩) અને ૬૪(૩) અંતર્ગત ની હોય, જે રકમ અરજદાર શ્રી માટે ભરપાઈ કરવાની બાબત નિયમાધીન છે. પીજીવીસીએલ તરફથી અપાયેલ સદર ભાવપત્રક ની અંતીમ તા.૧૫–૦૫–૧૭ છે, તેમા વધારાની ૦૧ માસ ની સમયમર્યાદા, વધારી આપવા માટે પીજીવીસીએલ ને આ સાથે આદેશાત્મક જાણકારી આપવાનો, સદર કેઈસ મા અરજદાર શ્રી ને જાણકારી આપવા સાથે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૫ મુજબ ની વિગતે હુકમ કરાયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.